૪૦૧ / ૧૧,૫૦૦

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૯ જૂન, ૨૦૦૫)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૦ : ૩૦) **સત્સંગ પ્રવેશ : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૭૫)

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.**

### વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર - પંદરમી આવૃત્તિ, ફેબ્રુઆરી ૨૦૦૫

**પ્રશ્ન.૧. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે જણાવો.** (૬ ગુણ)
- ૧. ''અમે પીથલપુરમાં રહીએ છીએ, જાતે ખોજાં છીએ.'' ૭૬
- ૨. ''તમારી મૂર્તિની સ્થાપના હું ભરતખંડમાં જરૂર કરીશ.'' ૧૪
- ૩. ''તમે નીલકંઠ બ્રહ્મચારીને શા માટે વગર વાંકે અહીંથી કાઢી મૂક્યા ?'' ૪૧

**પ્રશ્ન.૨. નીચે આપેલાં વાક્યો વિષે કારણ આપો. (બે થી ત્રણ લીટીમાં જ)** (૬ ગુણ)
- ૧. સિરપુરમાં બાવાઓ દિગ્મૂઢ બની ગયા. ૩૩
- ૨. રાજા રણજિતસિંહને નીલકંઠની આજ્ઞા વસમી લાગી. ૧૫
- ૩. નીલકંઠ સાત દિવસ સુધી રોજ અંબાળી જતા. ૬૬

**પ્રશ્ન.૩. નીચેના પ્રસંગોમાંથી કોઈપણ <u>એક</u> પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** (૫ ગુણ)
- ૧. નીલકંઠ વંશીપુરમાં ૧૭
- ૨. શિવ-પાર્વતી દર્શને ૬૨
- ૩. સ્વસ્વરૂપની ઓળખાણ ૭૪

**પ્રશ્ન.૪. નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** (૫ ગુણ)
- ૧. નીલકંઠે રાજા રણબહાદુરને રોગ કેવી રીતે સહન કરવા સમજાવ્યું ? ૩૨
- ૨. કાળભૈરવને કોણે, કેવી રીતે માર્યો ? ૨૨
- ૩. હનુમાનવીરે પિબૈકને શું કહ્યું ? ૩૭
- ૪. ત્યાગીને કેવી વૃત્તિ જોઈએ ? ૨
- ૫. રામાનંદ સ્વામી ક્યારે ધામમાં ગયા ? ૧૧૧

**પ્રશ્ન.૫. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૬ ગુણ)

**નોંધ : એક કે એકથી વધારે જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. નીલકંઠે કોને કોને અક્ષરધામ બક્ષિસ આપ્યું ? ૮૧, ૧૦૨
- (અ) કુરજી દવે (બ) મયારામ ભટ્ટ
- (ક) નરસિંહ મહેતા (ડ) લખુ ચારણ

૨. નીલકંઠે તપશ્ચર્યા કરવા પસંદ કરેલી જગ્યાની વિશેષતા ૨૪
- (અ) બ્રહ્માના પુત્ર પુલહે અહીં તપ કર્યું હતું. (બ) યુગો પહેલાં ભરતજીએ અહીં તપ કર્યું હતું.
- (ક) જગ્યા એકાંત અને અતિ રમણીય હતી. (ડ) રાજા ભગીરથે ભાગીરથીનું ઉતરાણ અહીં કર્યું હતું

૩. ગોપાળયોગીને નીલકંઠનો યોગ ૩૦
- (અ) પર્ણકુટીરમાં રહેવાની જગ્યા સાફ કરી આપી. (બ) ભગવન્ ! બહુ રાહ જોવડાવી.
- (ક) રોજ અક્ષયપાત્રમાંથી જમાડતા. (ડ) આજ સુધી ક્યારેય મારું મન કોઈમાંય તણાયું નથી.

(પાછળ જુઓ)

---

**પ્રતિ,**

**પરીક્ષા વ્યવસ્થાપક (તા. ૧૯ જૂન, ૨૦૦૫ પરીક્ષા : સત્સંગ પ્રવેશ-૧ માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૦ : ૩૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

**૪૦૧**

| | |
|---|---|
| પરીક્ષાર્થીની અટક :- | પરીક્ષા આપી તે તારીખ :- |
| પરીક્ષાર્થીનું નામ :- | પરીક્ષા આપી તે સમય :- |
| પિતા / પતિનું નામ :- | બેઠક ક્રમાંક :- |
| પરીક્ષા સ્થળનું નામ :- | કેન્દ્ર નંબર :- |
| પરીક્ષાર્થીની સહી :- | કેન્દ્રનું નામ :- |

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**

**પ્રશ્ન.૬. નીચેનાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** **(૪ ગુણ)**

૧. સામે કાંઠે જઈ લાખા કોળી સામે નીલકંઠે ................ વીંઝી. ૭૩
૨. રીંછનું નામ ................... હતું. ૪૬
૩. ................... સરયૂ નદીનું ઉદ્‌ગમ સ્થાન છે. ૧૪
૪. નીલકંઠને સેવકરામનો ભેટો ..................... ની વાટે થયો હતો. ૫૫

## વિભાગ-૨ : સત્સંગ વાંચનમાળા ભાગ-૧ - આઠમી આવૃત્તિ, એપ્રિલ ૨૦૦૫

**પ્રશ્ન.૭. નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** **(૬ ગુણ)**

૧. ''તેથી અમે ઝીણાભાઈને પણ ખભે લીધા.'' ૩૦
૨. ''તે પત્રમાં તમે મહારાજને પ્રહ્‌લાદ તથા જનકની ઉપમા આપી.'' ૨૧
૩. ''ઠેઠ પૂના સુધી ચોરી કરીને અમે ધન લૂંટી લાવતા.'' ૩૫

**પ્રશ્ન.૮. નીચે આપેલાં વાક્યો વિષે કારણ આપો. (બે થી ત્રણ લીટીમાં જ)** **(૪ ગુણ)**

૧. બાળભક્ત કવિ લાડુદાનજી કચ્છના રાવના મહેમાન થયા. ૧
૨. મુક્તાનંદ સ્વામીએ વિપ્ર જગન્નાથનું નામ શુકાનંદ પાડ્યું. ૧૯

**પ્રશ્ન.૯. નીચે આપેલાં વાક્યોમાંથી વિષયને અનુરૂપ પાંચ સાચાં વાક્યોને શોધી ફક્ત નંબર લખો.** **(૫ ગુણ)**

**ટૂંકનોંધ :- માણસનો અવતાર મોંઘો.... કીર્તનમાં પ્રભુ તરફ વાળવાની દૃષ્ટિ** ૧૬

**૧.** ચેતી લે ચિત્તમાં વિચારી, ચાલજે ડરી. **૨.** પૂરવ કેરાં પાપ તારાં તો જાશે બળી. **૩.** દુ:ખ તણો દરિયાવ મોટો, નહિ શકો તરી. **૪.** ભજી લે ભગવાન સાચા સંતને મળી. **૫.** કાળ તો વિકરાળ વેરી, વીંખશે વળી. **૬.** શામળિયાને શરણે જાતાં જાશો ઊગરી. **૭.** નિર્લજ્જ તું નવરો ન રહ્યો, ઘર ધંધો કરી. **૮.** ઓળખી લે અવિનાશી, રહેજે જ્ઞાનમાં ગળી. **૯.** માન, મરડાઈ, મોટપ મેલી ભજી લો હરિ. **૧૦.** ભાલ તિલક કેસર કેરુ રાજે **૧૧.** વચનમાં વિશ્વાસ રાખી ભજનમાં ભળી.

**પ્રશ્ન.૧૦.નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** **(૪ ગુણ)**

૧. મુંબઈમાં માંદગી સમયે નિર્ગુણ સ્વામીએ સ્વામીશ્રીને શું પ્રાર્થના કરી ? ૫૧
૨. મહારાજે લાલુબાને શું આપ્યું ? ૪
૩. આશાભાઈને શાસ્ત્રીજી મહારાજનાં પ્રથમ દર્શન કયાં થયાં ? ૫૩
૪. કોણ મહારાજના પિતાના દુશ્મન ગણાશે ? ૩૫

**પ્રશ્ન.૧૧.નીચેના પ્રસંગોમાંથી કોઈપણ એક પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** **(૫ ગુણ)**

૧. જીવુબાની ઠાકોરજી પ્રત્યેની ભક્તિ ૩૯
૨. જેઠા ભગત ૪૩
૩. આશાભાઈને કલ્યાણની પ્રતીતિ ૫૩

**પ્રશ્ન.૧૨.નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવી ખોટાં વાક્યો સુધારીને ફરીથી લખો.** **(૪ ગુણ)**

૧. જામનગરના નવાબની કચેરીમાં ઝીણાભાઈ માથું ઢાળીને બેઠા હતા. ૨૩
૨. દેવીદાનનો જન્મ ધીંગડા ગામે થયો હતો. ૧૩
૩. શ્રીજીમહારાજે નિત્યાનંદ સ્વામીને સુખડીનું દાતણ કરાવ્યું. ૧૯
૪. વરતાલમાં મંદિર કરવા માટે જોબનપગીએ પોતાની જમીન આપી હતી. ૩૫

## વિભાગ-૩ : નિબંધ

**પ્રશ્ન.૧૩.નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** **(૧૫ ગુણ)**

૧. સુખ શાંતિનો અમોઘ ઈલાજ : રવિસભા
૨. નીલકંઠની કલ્યાણયાત્રા
૩. સમાજમાં, દુનિયામાં મંદિરની નિરંતર જરૂર છે.

**નોંધ : ઉપરોક્ત જે નિબંધની યાદી છે તેમાંથી એક નિબંધ તથા તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૭ જુલાઈ, ૨૦૦૫ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે.**

❋ ❋ ❋